# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૩ તા.૩૧-૦૮-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક અંગે.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૪૫૮૫-૪૬૭૧ તા.૩૦-૮-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૮-૮-૧૯ના પત્ર અન્વયે એક વખત વપરાશ થતા પ્લાસ્ટિકથી થતા પર્યાવરણને નુકશાનની જાણકારી આપેલ છે તથા તેના વપરાશને અટકાવવા બાબતે સૂચનો કરેલ છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક (એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક) મુક્ત કરવાની જાહેરાત કરેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રનો અભ્યાસ કરી જરૂરી સૂચનાઓનો ચૂસ્ત અમલ થાય તે માટે વિદ્યાર્થીને જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૧-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૪૫૮૫-૪૬૭૨.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ રા. ગાંધીનગર. તા. ~~૨૯~~ 30/૦૮/૨૦૧૯

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક અંગે

**સંદર્ભઃ**- શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ- પરચ-૧૨૨૦૧૯-૪૩૭-વ.૨ તા. ૨૧/૦૮/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા. ૦૮/૦૮/૨૦૧૯ ના પત્ર અન્વયે એક વખત વપરાશ થતા પ્લાસ્ટિકથી થતા પર્યાવરણને નુકશાનની જાણકારી આપેલ છે. તથા તેના વપરાશને અટકાવવા બાબતે સૂચનો કરેલ છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક (એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક) મુકત કરવાની જાહેરાત કરેલ છે. બિડાણમાં સામેલ વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૦૮/૦૮/૨૦૧૯ ના પત્ર અન્વયે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં આ બાબતે જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક

પ્રાથમિક શિક્ષણ

ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- શ્રી આર.જે.દેસાઇ, સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
195
27 AUG 2019
આવક નં. ૮૫૮
શાખા : સંકલન

ક્રમાક:-પરચ-૧૨૨૦૧૯-૪૩૭-વ.૨

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાધીનગર
તા-૨૧/૦૮/૨૦૧૯

પ્રતિ,

(૧) ઉપ સચિવશ્રી( મહેકમ ),શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં ૨, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી મધ્યાહ્‌ન ભોજન યોજનાનીકચેરી ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સચિવશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ સેક્ટર નં ૧૦બી ગાંધીનગર

(૭) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૮) નિયામકશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.

(૯) નિયાકમશ્રી સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,બ્લોક નં-૧૨/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૧૦) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

(૧૧) નિયામકશ્રી,ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ,સેકટર-૧૦,ગાંધીનગર

(૧૨) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગર

(૧૩) નિયામકશ્રી એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા,અમદાવાદ.

(૧૪) નિયામકશ્રી શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદ

(૧૫) સચિવશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, રાયખડ,અમદાવાદ

**વિષયઃ- એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક અંગે.**

**શ્રીમાન,**

ઉપર્યુક્ત વિષય પરત્વે વન અને પર્યાવરણ વિભાગના તા. ૦૮/૦૮/૨૦૧૯ના પત્ર ક્રમાંક ઇ.એન.વી./૧૦/૨૦૧૬/૧૨૩/ટી.ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે, ઉકત પત્રમાં જણાવ્યા મુજબની નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(આર.જે.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ:-ઉપર મુજબ.

Scanned by CamScanner

સ્મૃતિપત્ર


એસ.એમ.સૈયદ,આઇ.એફ.એસ
નિયામક (પર્યાવરણ) અને
અધિક સચિવ


૫૨
૪૩૩૨૯


ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
બ્લોક નં-૧૪/૮,નવા સચિવાલય
ગાંધીનગર
ફોન :૦૭૯ -૨૩૨૫૨૬૬૦
ફેક્સ :૦૭૯ -૨૩૨૫૨૬૫૬


ફાઈલ ક્રમાંક: ENV/10/2016/123/T

તા. ૦૮/૦૮/૨૦૧૯

વિષય :- એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક અંગે.

વર્તમાન યુગમાં ઇન્ફર્મેશન ટેકનોલોજીનો સૂરજ ઝળહળી રહ્યો છે. વૈશ્વિક સ્તરે સુખ-સગવડ અને સુલભ લોકજીવન શૈલીમાં કુદરતી સ્ત્રોતોના થઈ રહેલા દોહન, પ્રદૂષણના ભરડામાં આવી રહેલ, પાણી હવા અને જમીનના પડકારો સાથોસાથ એક તરફ વૃક્ષો સહિતના વિકલ્પે રોજિંદા જીવનમાં પ્રવેશ પામેલ પ્લાસ્ટિકનું અસ્તિત્વ સર્વે સ્વીકૃત બની રહ્યું છે. બીજી તરફ શહેરોમાં નગરોમાં નગરોમાં, ગામેગામ ખેતરના સીમાડે, નદી તળાવ, સરોવર, દરિયાકાંઠે પહાડ અને ઊંડી ખીણો સહિત સમગ્ર અને થળમાં ચોક્કસ પ્રકારના પ્લાસ્ટિકના કચરાએ પડકારરૂપ સામ્રાજ્ય ફેલાયું છે. ઝાડ-પાન કે વનસ્પતિના સૂકા ભીના કચરા સાથે આ પ્લાસ્ટિકને સામાન્ય લોકો બાળીને હવામાં પ્રદૂષણ કરી રહ્યા છે.પ્લાસ્ટીકના અમર્યાદિત ઉપયોગથી મુખ્યત્વે નીચેની સમસ્યાઓ ઉદ્દભવે છે.

૧.) સૂક્ષ્મ જૈવિકોના પ્રયોગથી પ્લાસ્ટિકનું વિઘટન થઈ શકતું નથી, અર્થાત પ્લાસ્ટિક બાયો-ડિગ્રેડેબલ નથી.
૨.) પ્લાસ્ટિક થી અસર થયેલ પર્યાવરણને મૂળ સ્થિતિમાં લાવી ન શકાય તેવી હાનિ કરે છે.
૩.) ભૂપૃષ્ઠની સપાટી પરના જળસ્ત્રોતોમાં પ્રકાશ તથા હવાની અવરજવરમાં અવરોધ રૂપ બને છે.
૪.) નગરપાલિકાની ગટર કે વરસાદી નાળાઓમાં વહેતા પ્રવાહ નો માર્ગ રોકી લે છે.
૫.) નગરના ગંદાપાણીના અદૂષિતકરણ પ્લાન્ટના સળિયાવાળા જાળીયાનો માર્ગ ડૂચારૂપે બંધ કરે છે.
૬.) પ્લાસ્ટિક બાળવાથી હવા પ્રદૂષણ ની સમસ્યા ઊભી કરે છે.
૭.) પ્લાસ્ટિક બાળવાથી ખરાબ વાસ ફેલાય છે, અને ડાયોક્સીન અને ફ્યુરોન નામના સ્વાસ્થ્યને હાનિ કરતા ઝેરી વાયુઓ વાતાવરણમાં ભળે છે. આ વાયુઓ શ્વાસોશ્વાસમાં જવાથી આરોગ્યને નુકસાન કરે છે.
૮.) જુદાજુદા ખેતી કામોમાં અવરોધરૂપ બને છે.
૯.) ભૂગર્ભના જળ સ્ત્રોત નવપલ્લિત કરવામાં બાધારૂપ થાય છે.
૧૦.) પ્લાસ્ટિકનો કચરો જોવામાં અરૂચિ પેદા કરે તેવું દેખીતું પ્રદૂષણ છે.
૧૧.) રંગીન પ્લાસ્ટિક થેલીઓ માં લપેટેલા ખાદ્ય પદાર્થો સ્વાસ્થ્યને હાનિ કરે છે.
૧૨.) ખાદ્ય પદાર્થો વાળી પ્લાસ્ટિકની થેલીઓ આરોગવાથી ગાય તથા અન્ય પશુઓના મોત થયાના અહેવાલો છે.

Scanned by CamScanner

આ પ્રકારની સમસ્યાઓને નાથવા માટે ભારત સરકારના તત્કાલીન પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા વર્ષ 1999માં પુનઃ ચક્રિત પ્લાસ્ટિક, નિર્માણ અને ઉપયોગ ના નામે નિયમો નિયમોનું જાહેરનામું અમલમાં મૂક્યું હતું. તેમ છતાં અનુભવે જણાયુ કે, પ્લાસ્ટિકના કચરો શહેર, અર્ધ શહેરી કે નગરો થી આગળ વધીને ગામેગામ ગંદકીમાં ઉમેરો કરતો ફેલાઈ રહ્યો છે. આથી, વર્ષ 2015માં પ્રારંભ કરાયેલ રાષ્ટ્રીય સ્વચ્છતા ઝુંબેશની સફળતા હાંસલ કરવા પ્લાસ્ટીકના કચરાની ગંભીર સમસ્યાને નિયંત્રિત કરવાના ઉમદા હેતુથી ભારત સરકારના નવા કલેવર સાથે ગઠન થયેલ પર્યાવરણ, વન અને જળ વાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા અગાઉના નિયમોને સ્થાને નવેસરથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ના નવા નામે જાહેરનામું તારીખ.18/3/2016ના રોજ થી કાયદા રૂપે અમલમાં છે. દરમિયાન, તાજેતરમાં આ નિયમોમાં સદર મંત્રાલય દ્વારા તારીખ.28/03/ 2018ના જાહેરનામાં મારફતે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ(એમેન્ડમેન્ટ) રૂલ્સ, 2018માં કેટલાક સુધારા પ્રસિદ્ધ કર્યા છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ (સુધારા નિયમો 2018 સહિત)ની બાબતોના નિયમોમાં શહેરો, મહાનગરો, નગરો ઉપરાંત ગામડા સુધી વ્યાપ વધારીને ગ્રામ પંચાયતને પણ જવાબદારીઓ સુપરત કરી છે.

આ વર્ષની વિશ્વ પર્યાવરણ દિન ની થીમ "પ્લાસ્ટિક પ્રદૂષણ નાથવા" અંગેની હતી, જેની ઉજવણી યુનાઈટેડ નેશન્સ દ્વારા ભારત સરકારની યજમાની હેઠળ કરવામાં આવેલ. જે દરમિયાન ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક (એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક) મુક્ત કરવાની જાહેરાત કરેલ. જેના અનુસંધાને કાર્યવાહી કરવા સારૂં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા સુચવેલ નીચે મુજબના single use Plastic (એક વખત વપરાશી પ્લાસ્ટિક) નો ઉપયોગ સરકારી કચેરીઓ અને સરકારી કાર્યક્રમો દરમિયાન અટકાવીએ.

- સર્વે પ્રકારની પ્લાસ્ટીકની કેરીબેગ્સ. (Carry Bags)
- ખાણીપીણીમાં વપરાતા પ્લાસ્ટિકના થાળી,વાટકા,ચમચી,ગ્લાસ,થર્મોકોલના કપ વગેરે.
- પ્લાસ્ટિકના ફૂલો અને ફુલદાનીઓ.
- પ્લાસ્ટિકની પાણીની બોટલો.(Mineral Water Bottles)
- પ્લાસ્ટિકના ઝંડા (Flags)
- પ્લાસ્ટિકના બેનર્સ.(Banners)
- પ્લાસ્ટિકનાં ફોલ્ડર્સ વગેરે.(Folders)
- તેમજ અન્ય પ્લાસ્ટિકની એક વખત વપરાશની વસ્તુઓ.

આમ, ઉપરોક્ત બાબતે અમલીકરણ કરવા સારુ અત્રેથી તા. ૧૯/03/૨૦૧૯ના પત્રથી જણાવેલ, પરંતુ ઉપરોક્ત બાબતે ગંભીરતાથી અમલીકરણ સરકારી કચેરીઓ અને સરકારી કાર્યક્રમોમાં થતુ ન હોવાનું આ વિભાગના ધ્યાન ઉપર આવેલ છે. જેથી આપને ઉપરોક્ત બાબતે અમલીકરણ કરવા સારૂ પુનઃ વિનંતી છે.

આભાર સહ,

[illegible]

( [illegible] )

Scanned by CamScanner

પ્રતિ,

૧. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર... આપની જાણ સારૂ.

૨. સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
.... આપના વિભાગમાં તેમજ વિભાગ હસ્તકના સર્વે બોર્ડ, નિગમો અને કોર્પોરેશનોને જાણ કરવા અને અમલીકરણ કરાવવા સારુ.

૩. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગર.... આપના મારફતે સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ અને સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ ને જાણ કરવા અને અમલીકરણ કરાવવા સારુ.

૪. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર..... આપના મારફતે સર્વે જિલ્લા કલેકટરશ્રીઓને જાણ કરવા અને અમલીકરણ કરાવવા સારૂં.

૫. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.....આપના મારફતે સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ અને સર્વે ચીફ ઓફિસરશ્રીઓ ને જાણ કરવા અને અમલીકરણ કરાવવા સારુ

૬. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર... આપના મારફતે સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જાણ કરવા અને અમલીકરણ કરાવવા સારુ.

૭. નાયબ સચિવશ્રી, સંકલન વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
....... વિભાગના સર્વે બોર્ડ, નિગમો, કોર્પોરેશન અને અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (PCCF & HoFF), ગુજરાત રાજ્ય ને જાણ કરવા અને અમલીકરણ કરાવવા સારુ.

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૩-A તા.૩૧-૦૮-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ‘જેન્ડર ઓડિટ’ ચેકલીસ્ટને આધારે શાળાઓમાં જેન્ડર બાયસ મુકત વાતાવરણ બાબત

સંદર્ભ :- ક્રમાંક : એસએસએ/ગ.એ/ઈનોવેશન/જેટુ-(૪)૨૦૧૯/૩૦૩૩૩-૪૦૩ તા.૩૧-૮-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, પ્રાથમિક શાળાઓમાં જેન્ડર બાયસ મુકત વાતાવરણ માટેની માર્ગદર્શક સૂચનાઓ મુજબ કામગીરી કરવાની થાય છે. ચાલુ શૈક્ષણિક વર્ષે શાળાઓના ભૌતિક વાતારવણ, વર્ગવ્યવહાર અને અન્ય વાતાવરણમાં જેન્ડર બાયસ મુકત વાતાવરણ થાય તે હેતુસર શાળાના શિક્ષકોએ આ સાથેના બિડાણનાં એનેક્ષર મુજબની માર્ગદર્શક સૂચનાઓને અનુસરવાનું રહેશે તેમજ સામેલ માર્ગદર્શિકા અને ૨૮-મુદ્દાનો જેન્ડર ઓડિટ ચેકલીસ્ટની નકલ શાળાના નોટીસ બોર્ડ પર લગાવવાની રહેશે. જેન્ડર ઓડિટ ચેકલીસ્ટને આધારે દરેક શાળાએ પોતાનું સેલ્ફ એસેસમેન્ટ કરવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૧-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા અભિયાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સઃ ૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

નં. એસએસએ/ગ.એ./ઈનોવેશન/જે.ટુ.–(૪)/૨૦૧૯/ ૩૦૩૩૩ - ૪૦૩ તા.૩૧/૦૭/૨૦૧૯

પ્રતિ,
૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા : તમામ
૨. જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સમગ્ર શિક્ષા અભિયાન
જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા : તમામ
૩. એડી. જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
મહાનગરપાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય : "જેન્ડર ઓડિટ" ચેકલીસ્ટને આધારે શાળાઓમાં જેન્ડર બાયસ મુકત વાતાવરણ બાબત**
**સંદર્ભ : અત્રેની કચેરીના પત્રક્રમાંક : નં. એસએસએ/ગ.એ./ઈનોવેશન/જે.ટુ.–(૪)/ ૨૦૧૮/ ૪૦૩૨૮–૩૯૯, તા.૦૪.૧૨.૨૦૧૮**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર અનુસાર આપના જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જેન્ડર બાયસ મુકત વાતાવરણ માટેની માર્ગદર્શક સૂચનાઓ મુજબ કામગીરી થતી હશે.

ચાલુ શૈક્ષણિક વર્ષે પણ આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ભૌતિક વાતાવરણ, વર્ગ વ્યવહાર અને અન્ય વાતાવરણમાં જેન્ડર બાયસ મુકત વાતાવરણ થાય તે હેતુસર શાળાના શિક્ષકો **એનેક્ષર–(૧)** મુજબની માર્ગદર્શક સૂચનાઓ અનુસરે તે માટે આપની કક્ષાએથી તમામ શાળાઓને આ સાથે સામેલ માર્ગદર્શિકા અને ૨૮ મુદ્દાનું "જેન્ડર ઓડિટ" ચેકલીસ્ટ મોકલી આપવું. ઉપરાંત તમામ શાળાઓમાં "જેન્ડર ઓડિટ" ચેકલીસ્ટની નકલ શાળાના નોટિસ બોર્ડ પર લગાવવા અને "જેન્ડર ઓડિટ" ચેકલીસ્ટને આધારે દરેક શાળાઓને પોતાનું સેલ્ફ એસેસમેન્ટ કરવા માટે આપની કક્ષાએથી સંબંધિતોને સૂચના થવા જણાવવામાં આવે છે. આ ઉપરાંત સદર પ્રક્રિયા દર વર્ષે ચાલુ

રાખવી તેમજ આપના જિલ્લાના મદદનીશ જિલ્લા કો. ઓ. – ગર્લ્સ એજયુકેશન, બીઆરસી કો. ઓર્ડિનેટર અને સીઆરસી કો. ઓર્ડિનેટર ધ્વારા શાળા મુલાકાત દરમિયાન સદર ચેકલીસ્ટ ડિસપ્લે કરેલ છે ? તે ચકાસે અને તે મુજબનું વાતાવરણ શાળામાં ઉભું થાય તેવા સતત પ્રયત્ન કરે તેવો આદેશ થવા વિનંતી છે.

**એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર**

**<u>બિડાણ :</u>** ઉપર મુજબ (ઈ–મેઈલ ધ્વારા )

**<u>સવિનય નકલ રવાના :</u>**

– પી. એ. ટુ. માન.એસપીડીશ્રી, સદર કચેરી

**<u>નકલ રવાના જાણ તથા કાર્યવાહી અર્થે :</u>**

– મદદનીશ જિલ્લા કો. ઓ. – ગર્લ્સ એજયુકેશન, જિલ્લા અને કોર્પોરેશન તમામ

# જેન્ડર બાયસ મુકત વાતાવરણ માટે આટલું કરીએ....

શાળામાં વર્ગખંડ, વર્ગવ્યવહાર, શિક્ષક–વિદ્યાર્થી, વિદ્યાર્થી–વિદ્યાર્થી બેઠક વ્યવસ્થા, ભૌતિક સુવિધા, પ્રાયોગિક કાર્ય, રમત–ગમત, કમ્પ્યુટર, શૌચાલય, મધ્યાહન ભોજન, શાળાકિય પ્રવૃત્તિઓ દરમ્યાન કુમાર અને કન્યાઓ માટે જેન્ડર બાયસ મુકત વાતાવરણ છે કે કેમ ? તે તપાસવા અંગેની તપાસ યાદી (ચેકલીસ્ટ) – માર્ગદર્શક સૂચનાઓ.

- અમારો સંકલ્પ– શાળા પરિવાર : "મારી શાળામાં નીચેની બાબતો છે કે કેમ ? તે ચકાસણી કરી ખૂટતી બાબતની પૂર્તતા કરવા પ્રયાસ કરીશ"
- સફાઈ– મધ્યાહન ભોજન કામગીરી વહેંચણીના કુમાર અને કન્યાઓ વચ્ચે સમાનતા – જેવી કે, વર્ગખંડ, મેદાન, બારી–બારણા, માટલા સફાઈ, પીરસવા માટે રોટેશન, જૂથ, મિશ્રજૂથ, સમિતિની રચના કરી બંનેને સમાન તક અને કાર્યભાર વહેંચણી કરવી.
- પ્રાર્થના સભા : પ્રાર્થના સભામાં કન્યાઓ અને કુમારોની બેઠક વ્યવસ્થા ધોરણ/વર્ગ/રોલ નંબર રોટેશન મુજબ લૈગિંક પૂર્વગ્રહ મુકત ગોઠવવી.
- સાધનો– વાજિંત્રો વગાડવા અને ગાયકીમાં કુમાર અને કન્યાને સમાન તક આપવી. ઉ.દા. ધો.–૫ ના ૧ થી ૬ રોલનંબર મુજબ લેવા. તમામ કુમાર અને કન્યાને સમાન તક મળે તેવા આયોજન ગોઠવવા સાધન–વાજિંત્રો વગાડવામાં વારાફરતી કુમાર – કન્યાને બંનેને સમાન તક મળે તેવું આયોજન કરવું.
- ભૌતિક સુવિધાના ઉપયોગ :
  1. કમ્પ્યુટર લેબ સુવિધા, અંતર્ગત કુમાર–કન્યા, તાસવાર, ધોરણવાર તમામને સમાન તક મળે તેવા આયોજન કરવા. ઉ.દા. લેબમાં ૧૦ બેઠક હોય તો ૫ કન્યા અને ૫ કુમાર ને લઈ જઈ શકાય.
  2. વિજ્ઞાન પ્રયોગશાળા ઉપયોગ દરમ્યાન વિજ્ઞાનના પ્રયોગ કરાવતી વખતે શિક્ષક ધ્વારા કુમાર અને કન્યાઓને સમાન તક પુરી પાડવી સમાન તક આપવી.
  3. રમત–ગમતના સાધનો અને ઉપયોગ :
     – રમત–ગમતના સાધનો વહેંચણી સમાનતા
     – કન્યા અને કુમારની સાથે સંયુકત રમતો રમાડવી
     – મેદાનના ઉપયોગમાં કુમાર–કન્યાને સમાન તક મળે
  4. પુસ્તકાલયનો ઉપયોગ :
     – બાયસ મુકત પુસ્તકો વસાવવા.
     – પુસ્તકાલયનો ઉપયોગ કરવો અને રજિસ્ટર નિભાવવું અપડેટ કરવું
     – કુમાર, કન્યા બંને ઉપયોગ કરે તે માટે ઉત્તમ પ્રેરણા પુરી પાડવી
     – કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળે તેવા પ્રેરણાદાયી પુસ્તકો વસાવવા
  5. મહાન વ્યકિતઓના ફોટા :
     – ટી.એલ.એમ. અને મહાન વ્યકિતના ચિત્રોમાં સમાનતા જાળવવી
     – શાળા પરિસરમાં મહાન પુરૂષના ચિત્રોની તુલનામાં સમાનતા જળવાઈ તેવા મહાન સ્ત્રીઓના ચિત્ર મૂકવા
  6. શૌચાલય :
     – શાળામાં શૌચાલય સુવિધા કુમાર અને કન્યાઓનું અલગ અલગ હોય તે અનિવાર્ય છે
     – કન્યાઓ માટેનું શૌચાલય ઉપયોગમાં લઈ શકાય તેવું અને પાણીની સુવિધાયુકત હોય તે જરૂરી છે
     – શૌચાલયના દરવાજા તૂટેલા–કાણાવાળા ન હોવા જોઈએ
     – પાણીના નળ કાર્યરત હોય તે જરૂરી છે, ટપકતા નળ તરત જ બદલી નાંખવા
     – શૌચાલયની જરૂરી સફાઈના સાધનો શાળા કક્ષાએ વસાવવા અને સમયસર સફાઈ થવી ફરજીયાત છે

- કન્યાના ઉપયોગ માટેના શૌચાલયમાં પાણી સુવિધા અનિવાર્ય છે. કચરાપેટી પણ એટલી જ અનિવાર્ય છે. સાબુ અને નેપકીન શૌચાલયની બહાર રાખવા જોઈએ
- દરવાજા બંધ કરવા માટેની કડી કે સ્ટોપર ઉપયોગ કરી શકાય તેવી હોય તે આવશ્યક છે
- કન્યાઓને શાળામાં કન્યા સેનીટેશન વિભાગમાં સેનેટરી નેપકીન ઉપલબ્ધ કરાવાય તેવી વ્યવસ્થા એસ.એમ.સી. કક્ષાએથી ગોઠવવી. જેમાં શાળાને મળતી સ્વચ્છતાને લગતી ગ્રાન્ટમાંથી અથવા તો CHC/PHC માંથી સહયોગ મેળવી સદર સુવિધા પુરી પાડવામાં આવે તેનું અચૂક ધ્યાન રાખવું.
- કોઈ શાળામાં સદર સુવિધા ઉપલબ્ધ હોય તો તેના યોગ્ય નિકાલ માટે પણ વ્યવસ્થા કરવી.
- મહિલા શિક્ષકો ધ્વારા કન્યાઓ સાથે માસિક સંબંધિ આરોગ્ય અને સ્વચ્છતા વ્યવસ્થાપન માટેની ચર્ચા થવી જોઈએ.
- શાળાના બુલેટીન બોર્ડ પર કન્યા/મહિલા સુરક્ષા માટેનો હેલ્પલાઈન નંબર ડિસપ્લે કરવા જોઈએ.
- કન્યાઓને સ્વ–રક્ષણ તાલીમ આપવાનું આયોજન કરવું.

૭. દરેક શાળાઓમાં જયાંથી દરેક કન્યા/કુમાર પસાર થતા હોય તે લાબીમાં ૩ થી ૩.૫ ફૂટનું દર્પણ લગાડવામાં આવે. આ દર્પણ વોશ એરિયામાં પણ લગાવી શકાય.

♦ **વર્ગ વ્યવહાર અને શિક્ષક વિદ્યાર્થી :**

(૧) વર્ગ વ્યવહારમાં કુમાર અને કન્યાને અપાતી સૂચનામાં લૈગિંક પૂર્વગ્રહ મુકત વાકય પ્રયોગ કરવો.

(૨) પ્રશ્ન પૂછવામાં સમાન તક પુરી પાડવી

(૩) વિષયવસ્તુની સમજૂતી કે ઉદાહરણ આપવામાં કન્ય ા–કુમાર બંનેના લૈગિંક પૂર્વગ્રહ મુકત ઉદાહરણ પુરા પાડવા

(૪) કન્યા–કુમારને કરવામાં આવતા સંબોધન કરવામાં સન્માનપૂર્ણ ભાષા પ્રયોગ કરવો જોઈએ, જેથી બાળકોમાં તેવી જ સમજ કેળવાય

(૫) વિષયવસ્તુ ભણાવતી વખતે મહાન ચરિત્રો, રોલ મોડેલ, પ્રતિભાશાળી વ્યકિતના ઉદાહરણમાં સ્ત્રી–પુરૂષ બંનેના ઉદાહરણમાં પુરા પાડવા

(૬) પ્રશ્ન પૂછવાની શૈલીમાં હાવભાવ, અવાજના વર્તન, કન્યા–કુમાર માટે સમાન હોવું જોઈએ. જેથી આત્મવિશ્વાસ જળવાઈ રહે

(૭) વર્ગખંડ અંદર થતી તમામ પ્રવૃત્તિ જૂથ પ્રવૃત્તિ, ગીત, પઠન, લેખન, કવીઝ, નૃત્ય, ચર્ચા, સભા તમામમાં કન્યા–કુમારને સમાન તક પુરી પાડવી

(૮) વર્ગમાં કે શાળામાં થતી પ્રવૃત્તિ કન્યા–કુમારના મિશ્ર જૂથમાં કરાવવી

(૯) શાળાઓમાં કન્યાઓ માટે મહિલા શિક્ષક હોય તો તેઓ ધ્વારા અઠવાડીયા/પખવાડીયામાં એકવાર કન્યાઓ અને કુમારો સાથે તેમની મૂંઝવણ બાબતે વાર્તાલાપ કરવો. જો મહિલા શિક્ષક ન હોય તો શાળામાં કન્યાઓને પુરૂષ શિક્ષક ધ્વારા સૂચના આપવામાં આવે કે કન્યાઓના કોઈ પ્રશ્નો/મૂંઝવણો (શારીરિક, માનસિક) હોય તો પ્રશ્નપેટીમાં નાખે અને આ પ્રશ્નપેટીમાં આવતા પ્રશ્નોની અઠવાડીયા/પખવાડીયાના અંતે કન્યાઓ સાથે નજીકની શાળાના મહિલા શિક્ષક/આશા વર્કર/ગામની શિક્ષિત મહિલા/એસ.એમ.સી. ના મહિલા સભ્ય બેઠક કરી આ સમસ્યાની ચર્ચા કરે.

(૧૦) આ પ્રશ્નપેટીમાં કુમારોના પ્રશ્નો/મૂંઝવણો હોય તો પણ નાખી શકે.

(૧૧) માસિક ધર્મ બાબતે કન્યા અને કુમાર સાથે વાર્તાલાપ કરવામાં આવે. જેથી કુમારો ધ્વારા પણ સદર બાબતની જિજ્ઞાસા સંતોષાય

(૧૨) જે તે શાળામાં કન્યાઓનું સફળતાપૂર્વક શિક્ષણ પૂર્ણ થાય ત્યારબાદ અન્ય શાળામાં/કોલેજમાં આગળના અભ્યાસ માટે પ્રયત્ન કરવા.

- **"ફરિયાદ નિવારણ પધ્ધતિ" :**
  1. શાળા કક્ષાએ ફરિયાદ પેટી રાખવી
  2. દર અઠવાડીયે તેમાં આવેલી ફરિયાદોનો નિકાલ મહિલા શિક્ષિકા ધ્વારા કરવામાં આવે અને તેની સમજ વિકસાવવામાં આવે. જો શાળામાં મહિલા શિક્ષક ન હોય તો એસ.એમ.સી. ના મહિલા સભ્ય/કલસ્ટરની અન્ય શાળાના મહિલા શિક્ષિકા ધ્વારા અઠવાડીયામાં એકવાર આ પ્રક્રિયા કરવામાં આવે.
  3. કન્યાઓના અંગત પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવે
  4. શિક્ષકો ધ્વારા કુમારો સાથે અને કન્યાઓ સાથે તરૂણાવસ્થાના પ્રશ્નો/મૂઝવણો બાબતો ચર્ચા થવી જોઈએ.

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# જેન્ડર ઓડીટ માટેની સૂચિત* યાદી

| | |
|---|---|
| **શાળા તાલુકો અને જિલ્લો** | |
| **વર્ગ (કેટલા ધોરણ છે)** | |
| **કુલ સંખ્યા** | |
| **તે પૈકી કન્યાઓની સંખ્યા** | |

| ક્રમ | તપાસ યાદી | હા | ના | નોંધ |
|---|---|---|---|---|
| | **(અ) શાળાનુ ભૌતિક વાતાવરણ** | | | |
| ૧ | શાળાની દિવાલો પર લગાવેલ મહાન ચરિત્રોના ફોટા અને સુવાકયોમાં મહિલાઓનું સ્થાન છે ? | | | |
| ૨ | શાળામાં કન્યાઓને સેનેટરી નેપકીન મળી રહે તેવી વ્યવસ્થા છે ? | | | |
| ૩ | શાળામાં સેનેટરી નેપકીનના નિકાલની વ્યવસ્થા છે ? | | | |
| ૪ | મહિલા શિક્ષકો દ્વારા MHM (Menstrual Hygiene Management) – માસિક સંબંધિ આરોગ્ય અને સ્વચ્છતા વ્યવસ્થાપન માટે કન્યાઓ સાથે ચર્ચા કરવામાં આવે છે ? | | | |
| ૫ | શાળામાં કન્યા/મહિલા સુરક્ષા માટેના કોઇ પ્રકારના હેલ્પલાઇન નંબર ડિસપ્લે કરેલા છે ? | | | |
| ૬ | કન્યાઓ માટે અલગ પૂરતાં અને ઉપયોગમાં લેવાય તેવા ટોયલેટની વ્યવસ્થા ? | | | |
| ૭ | કમ્પ્યુટરનો ઉપયોગ બંને દ્વારા થાય છે ? | | | |
| ૮ | લાયબ્રેરીનો ઉપયોગ બંને દ્વારા થાય છે ? | | | |
| ૯ | બધા જ પ્રકારના સંગીત અને અન્ય સાધનો કન્યાઓ દ્વારા વાપરવામાં આવે છે કે કેમ ? | | | |
| ૧૦ | કન્યાઓને સ્વ-રક્ષણની તાલીમ આપવામાં આવે છે ? | | | |
| ૧૧ | બધા જ પ્રકારના રમત-ગમત અને વ્યાયામના સાધનો કન્યાઓ દ્વારા ઉપયોગમાં આવે છે કે કેમ ? | | | |
| | **(બ) શાળાનુ શૈક્ષણિક વાતાવરણ** | | | |
| ૧૨ | વર્ગખંડમાં બેઠક વ્યવસ્થા લૈગિંક પૂર્વગ્રહ વગરની છે ? | | | |
| ૧૩ | પ્રાર્થના સભામાં બેઠક વ્યવસ્થા લૈગિંક પૂર્વગ્રહ વગરની છે ? | | | |
| ૧૪ | પ્રાર્થના સભામાં કન્યા અને કુમારની સામેલગીરી સમાન અને સક્રિય છે ? | | | |
| ૧૫ | કોઇપણ વિષયમાં વર્ગ વ્યવહાર દરમિયાન અપાતા ઉદાહરણો લૈગિંક પૂર્વગ્રહ મુકત છે ? | | | |
| ૧૬ | શાળામાં બાળ સંસદ કાર્યરત છે ? | | | |
| ૧૭ | શાળામાં સફાઇ સંબંધિત કામગીરી લૈગિંક પૂર્વગ્રહ મુકત છે ? | | | |
| ૧૮ | શાળામાં બાળકોને સોંપવામાં આવેલ કામગીરીની વહેંચણી/જવાબદારીમાં લૈંગિક પુર્વગ્રહ તો નથી ને ? દા.ત. અમુક કામ કન્યાઓ અને અમુક કુમારો જ કરે. | | | |
| ૧૯ | શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓ/કાર્યક્રમોમાં બંનેની સામેલગીરી લૈગિંક પૂર્વગ્રહ મુકત છે? | | | |
| ૨૦ | કન્યાઓને વર્ગખંડમાં કે શાળાની અન્ય પ્રવુતિઓમાં જૂથલીડર બનાવવામાં આવે છે ? | | | |
| ૨૧ | એસ.એમ.સી. વાલી સભ્યોમાં કન્યા-વિધાર્થીના વાલી સભ્ય છે ? | | | |
| ૨૨ | મેદાનમાં કન્યા અને કુમારને સંયુકત રમતોનું આયોજન થાય છે ? | | | |
| | **(ક) શિક્ષક વિધાર્થી આંતર વ્યવહાર** | | | |
| ૨૩ | વર્ગ વ્યવહાર દરમિયાન કન્યા અને કુમાર પુરતા પ્રમાણમાં પ્રશ્નો પૂછે છે ? | | | |
| ૨૪ | શિક્ષક દ્વારા બંનેને પ્રશ્નો પૂછવાની અને સામેલગીરીની આવૃતિ એક સરખી છે ? | | | |
| ૨૫ | શિક્ષક અને સહપાઠીઓ દ્વારા કન્યાઓને કરાતા સંબોધનમાં માન જળવાય છે? | | | |
| ૨૬ | શાળામાં અલગથી શિક્ષક દ્વારા કુમારો સાથે તરૂણાવસ્થાના પ્રશ્નો /મુંઝવણો બાબતે ચર્ચા કરવામાં આવે છે ? | | | |
| ૨૭ | શાળામાં અલગથી શિક્ષક દ્વારા કન્યાઓ સાથે તરૂણાવસ્થાના પ્રશ્નો /મુંઝવણો બાબતે ચર્ચા કરવામાં આવે છે ? | | | |
| ૨૮ | શાળામાં બાળકોના અંગત પ્રશ્નો/મૂંઝવણો માટે ફરિયાદ નિવારણ માટેની વ્યવસ્થા છે ? | | | |

* આ યાદીમાં કોઇ વિશેષ વાત ઉમેરવા ધારે તો તે આવકાર્ય છે.

Source : NCERT

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૩-B તા.૩૧-૦૮-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વર્ષ ૨૦૧૯-૨૦ માટે દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપ યોજના બાબત.

સંદર્ભ :- જા.નં.સસુઅ/અમદ/શિષ્યવૃત્તિ/૨૦૧૯-૨૦/૨૧૭૧ તા.૨૬-૮-૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ભારત સરકારની NSP(scholarship.gov.in) પોર્ટલ પર પ્રિમેટ્રીક , પોસ્ટ મેટ્રીક અને ટોપલેવલની દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપ યોજનાઓ અમલીકૃત છે. જે યોજના હેઠળ લાભ મેળવવા પાત્રતાના નિયમો તથા દિવ્યાંગતાઓના પ્રકાર અને પાત્રતાના ધોરણો આ સાથે સામેલ સંદર્ભિત પત્ર અને તેમાં જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ પરથી મેળવવાની રહેશે. સદરહુ સંદર્ભિત પત્ર અને તેની સાથે સામેલ માર્ગદર્શક સૂચનો તથા પત્રકનો ચિવટપૂર્વક અભ્યાસ કરી ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે. કોઈપણ લાભાર્થી શિષ્યવૃત્તિથી વંચિત ન રહે તેની સવિશેષ કાળજી લેવાની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૧-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી
બ્લોક-બી, ભોંયતળીયે, બહુમાળી ભવન
અપના બજાર, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં.૦૭૯- ૨૫૫૦૮૭૧૨, ફેક્ષ નં.૦૭૯- ૨૫૫૦૮૭૧૨
E-mail :dsdo-ahd@gujarat.gov.in

150 YEARS OF CELEBRATING THE MAHATMA

જા.નં. સસુઅ/અમદ/શિષ્યવૃત્તિ/૨૦૧૯-૨૦/૨૧૭૧ તા.૬/૦૮/૨૦૧૯

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ( ગ્રામ્ય – રૂરલ )
વસ્ત્રાપુર અમદાવાદ

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પંચાયત અમદાવાદ

(૩) શાશનાધિકારીશ્રી
નવરંગપુરા અમદાવાદ

વિષય- ભારત સરકારની દિવ્યાંગ સ્કોલરશીપ યોજના બાબત. (વર્ષ-૨૦૧૯-૨૦)

સંદર્ભ- નિયામક સમાજ સુરક્ષા ખાતાના તા.૦૮/૦૫/૨૦૧૯ ના પત્ર જા.નં સ.સુ.ખા/અપગ/સ્કોલરશીપ/૨૦૧૯-૨૦/૪૧૧૮.

સાહેબશ્રી

સવિનય સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, ભારત સરકારની NSP( Scholarship.gov.in) પોર્ટલ પર પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને ટોપ લેવલની દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપ યોજનાઓ અમલીકૃત છે જે યોજના હેઠળ લાભ મેળવવા પાત્રતાના નિયમો તથા દિવ્યાંગતાઓના પ્રકાર અને પાત્રતાના ધોરણો આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે વધુમાં આ અંગેની માહિતિ મેળવવા માટે વેબસાઇટ https://scholarships.gov.in ઉપર દિવ્યાંગ વિદ્યાર્થી જાતે રજીસ્ટ્રેશન કરી ત્યારબાદ સદર વેબપેજપર department of empowerment of persons with disabilities ઓપ્શન પર ક્લીક કરતા લાગુ પડતી સ્કીમ હેઠળ રજીસ્ટ્રેશન થયેલ દિવ્યાંગ વિદ્યાર્થી એપ્લીકેશન કરી શકશે સદર એપ્લીકેશનમાં વિદ્યાર્થીએ કોલેજના ઓપ્શનમાં કોલેજ સીલેક્ટ કરી અંતે ફાઇનલ સબમીશન કરતા દરખાસ્ત જે તે કોલેજના નેશનલ સ્કોલરશીપ હેઠળ ફાળવી આપેલ લોગીનમાં જશે જે પોર્ટલપર યુઝર પાસવર્ડથી લોગીન થતા જે તે દિવ્યાંગ વિદ્યાર્થી દ્વારા થયેલ દરખાસ્તના મંજુરીની પાત્રતા આધારે અરજી ઓનલાઇન અપ્રુવ કરી હાયર ઓથોરીટીમાં મોકલી આપવાની થાય છે.

ઘણી વખત શાળા/કોલેજોના લોગીનમાં જે દિવ્યાંગ વિદ્યાર્થીઓ આપની કોલેજમાં અભ્યાસ કરતા નથી તેવા વિદ્યાર્થીઓ દ્વારા પણ અરજી કરવામાં આવતી હોય છે જેથી એપ્લીકેશન કરનાર વિદ્યાર્થી આપની શાળા/કોલેજોના અભ્યાસ કરે છે કે નહી તે ચેક કરી જો કોઇ ડમી એપ્લીકેશન મળેલ હોય તો તે રીજેક્ટ કરાવવી .

Scanned with CamScanner

વધુમાં આપની શાળા દ્વારા કરેલ દિવ્યાંગ સ્કોલરશીપ માટેની ઓનલાઇન દરખાસ્તોની પ્રીંટ કરી એક પ્રમાણીત નકલ અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે.જો સદર બાબતે વધુમાંકોઇ જાણકારી જોઇતી હોય તો આપની શાળા/કોલેજમાં આ કામગીરી કરતા કર્મચારીને અત્રેની કચેરીએ રૂબરૂ મોકલી આપવા જેથી માર્ગદર્શન આપી શકાય. જે અંગેની આપના તાબાની માધ્યમિક શાળા/ ઉચ્ચ માધ્યમિક શાળાઓને જાણ કરવા વિનંતી છે.

બિડાણ- ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી
અમદાવાદ

નકલ સવિનય રવાના-

(૧) કલેક્ટરશ્રી, અમદાવાદને જાણ સારૂ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખારુ ગુજરાત રાજ્ય ગાંધીનગરને જાણ સારુ.

Scanned with CamScanner

➢ RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT 2016 હેઠળ કુલ ૨૧ પ્રકારની દિવ્યાંગતાનો સમાવેશ થયેલ છે જે મુજબના તમામ દિવ્યાંગ વિદ્યાર્થી જે ૪૦ % કે તેથી વધુ પ્રમાણમાં દિવ્યાંગતા ધરાવે છે તેઓ સ્કોલરશીપને પાત્ર છે.

| અ.નં | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|
| 1 | Blindness |
| 2 | Low vision |
| 3 | Leprosy-cured person |
| 4 | Hearing impairment (deaf and hard of hearing) |
| 5 | Locomotor disability |
| 6 | Intellectual disability |
| 7 | Mental illness |
| 8 | Autism spectrum disorder |
| 9 | Cerebral palsy |
| 10 | Muscular dystrophy |
| 11 | Chronic Neurological conditions |
| 12 | Specific Learning Disability |
| 13 | Multiple Sclerosis |
| 14 | Speech and Language Disability |
| 15 | Thalassemia |
| 16 | Hemophilia |
| 17 | Sickle Cell Disease |
| 18 | Multiple Disabilities including deaf blindness |
| 19 | Acid Attack Victim |
| 20 | Parkinson's Disease |
| 21 | Dwarfism |

Scanned with CamScanner

➢ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની નેશનલ કક્ષાની સ્કોલરશીપના કુલ -૬ પ્રકારો છે જે નીચે મુજબ છે.

| અનં | સ્કોલરશીપનો પ્રકાર | રીમાર્ક |
|---|---|---|
| ૧ | PRE- METRIC SCHOLARSHIP FOR STUDENTS WITH DISABILITIES | STD 9 TO 10 |
| ૨ | POST-METRIC SCHOLARSHIP FOR STUDENTS WITH DISABILITIES | STD. 11 TO POST GRADUATE DEGREE/DIPLOMA |
| 3 | SCHOLARSHIPS FOR TOP CLASS EDUCATION FOR STUDENTS WITH DISABILITIES | POST GRADUATION DEGREE/ DEPLOMA COURSES |
| ૪ | NATIONAL FELLOWSHIP FOR PWDS | M.PHIL,PH.D IN INDIAN UNIVERSITIES |
| ૫ | NATIONAL OVERSEAS SCHOLARSHIP | MASTER DEGREE AND PH.D IN FOREIGN UNIVERSITY |
| ૬ | FREE COACHING FOR STUDENT WITH DISABILITY | NEET,GPSC,UPSC,IIT-JEE,CAT,CLAT,ETC... |

Scanned with CamScanner

## CONDITION OF ELIGIBILITY FOR NATIONAL SCHOLARSHIP

- The general conditions of eligibility of all the components of the scheme are given below:

XV. The scholarships are open to nationals of india only

XVI. All the six scholarships are applicable to students with disabilities with more than 40% disability and having a valid certificate of disability as prescribed under rules isuued by the competent authority. Disability is as defined in " rights of persons with disabilities act 2016.

XVII. Not more than two children with disabilities of the same parents will be entitled to receive benefits of the scheme. Provided in case the second child is a twin, the scholarship under this scheme will be admissible to both the twins.

XVIII. Scholarship for studying in any class will be available for only one year. If a student has to repeat a class she/ he would not get scholarship for that class for a second (or subsequent) year.

XIX. A scholarship holder under this scheme will not hold any other scholarship/ stipend. If awarded any other scholarship/ stipend, the student can exercise his/ her option for either of the two scholarships/ stipends, whichever is more beneficial to him/her and should inform the awarding authority through the head of the institution about the option made. No scholarship will be paid to the students under this scheme from the date he/she accepts free lodging or a grant or ad-hoc monetary help from the state government or any other source for the purchase of books, equipment or for meeting the expenses on board and lodging in addition to the scholarship amount paid under this scheme.

XX. Scholarship holders who are receiving coaching in any of the pre examination training centres with financial assistance from the central government/ state government will not be eligible for stipend under the coaching schemes for the duration of the coaching programme.

XXI. Pre-metric and post matric scholarship shall be paid to the students whose parents/ guardians income from all sources does not exceed Rs 2,50,000/- ( Rupees two lakh fifty thousand only) per annum

Top class education, national overseas scholarship and free coaching for swds shall be paid to the students whose parents/guardians income from all sources does not exceed Rs. 6,00,000/- (Rupees six lakh only) per annum.

Scanned with CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૩-C તા.૩૧-૦૮-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૪૫૩૨-૮૪ તા.૩૦-૮-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે તા.૨૩-૯-૧૯ થી તા.૨-૧-૧૯ સુધી અઠવાડિક કાર્યક્રમોનું આયોજન કરવા જણાવવામાં આવે છે. તેમજ જૂલાઈ-૨૦૧૯ થી ૨ ઓકટોબર-૨૦૨૦ સુધી યોજાયેલ મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણીના કાર્યક્રમોની માહિતી નીચેના ફોર્મેટ મુજબ ઝોનના મદદનીશ શાસનાધિકારીને મોકલી આપવાની રહેશે તેમજ ફોટોગ્રાફ અને વિડીયો ભારત સરકારના વેબપોર્ટલમાં www.gandhi.goy.in (karyanjali) માં અપલોડ કરવાના રહેશે.

ફોર્મેટ

| ક્રમ | તારીખ | કરેલ પ્રવૃત્તિ | ભાગ લીધેલ શાળાઓની સંખ્યા | ભાગ લીધેલ બાળકોની સંખ્યા | પોર્ટલમાં અપલોડ કરેલ ફોટો તથા વિડીયોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|
| | | | | | ફોટોગ્રાફ | વિડીયો |
| | | | | | | |

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૧-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

## અગત્યની નોંધ

વિષય :- તા.૧-૯-૨૦૧૯ થી તા.૧૫-૯-૨૦૧૯ સુધી ‘સ્વચ્છતા પખવાડા-૨૦૧૯’ની ઉજવણી કરવા બાબત.

અગાઉ પરિપત્ર નં. ૪૫-Aતા.૧૬-૮-૨૦૧૯થી ‘સ્વચ્છતા પખવાડા-૨૦૧૯’ની ઉજવણી કરવા જણાવેલ હતું. જેનો દિવસવાર કાર્યક્રમ પ્રમાણે શાળાકક્ષાએ ઉજવણી કરવાની રહેશે. ઉજવણીના ફોટોગ્રાફ અને વિડીયો બિડાણપત્રમાં જણાવ્યા મુજબના રોજેરોજ યુ.આર.સી.કક્ષાએ બપોરના ૨-૦૦ કલાક પહેલા મોકલી આપવાના રહેશે.

બિડાણ :- ‘સ્વચ્છતા પખવાડા-૨૦૧૯’ની ઉજવણી નો પત્ર

તા.૩૧-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૪૫૩૨-૯૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ~~૨૭~~ 30/૦૮/૨૦૧૯

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી બાબત

**સંદર્ભઃ**- શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ- પરચ-૧૨૨૦૧૮-૬૬૬-વ.૨ તા. ૦૭/૦૮/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ભારત સરકારના માનવ સંસાધન વિકાસ વિભાગના તા. ૩૦/૦૭/૨૦૧૯ ના પત્ર અન્વયે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે તા. ૨૩/૦૯/૨૦૧૯ થી તા. ૦૨/૧૦/૨૦૧૯ સુધી અઠવાડીક કાર્યક્રમોનું આયોજન કરવા જણાવવામાં આવે છે. તેમજ જુલાઇ-૨૦૧૯ થી ૨ ઓકટોબર ૨૦૨૦ સુધીના કાર્યક્રમોના કેલેન્ડર પ્રમાણે શૈક્ષણિક સંસ્થાઓમાં આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે તેની વ્યવસ્થા કરવા તથા આ કાર્યક્રમની માહિતી આ સાથે સામેલ ફોર્મેટમાં તૈયાર કરી અત્રે sankalan.dpe.guj@gmail.com પર મોકલી આપવા જણાવવામાં આવે છે. તથા આ કાર્યક્રમના ફોટોગ્રાફ અને વિડિયો ભારત સરકારના વેબપોર્ટલ www.gandhi.gov.in (Karyanjali) માં અપલોડ કરવા તથા ઇ-મેઇલ આઇ.ડી. is5mhrd@gmail.com પર આ કચેરીની જાણ હેઠળ મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- શ્રી બી.વી.રાઠવા, ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાંક:-પરચ-૧૨૨૦૧૮-૬૬૬-વ.૨

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાંધીનગર

તા-૦૭/૦૮/૨૦૧૯

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
13 AUG 2019
આવક નં. 2236

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં-૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૩) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,સેક્ટર નં ૧૨ ગાંધીનગર

(૪) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, સેકટર-૧૦એ, ગાંધીનગર

(૬) સ્ટેટ પ્રોજેકટ નિયામકશ્રી,સર્વ શિક્ષા અભિયાન,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર નં ૧૭ ગાંધીનગર

(૭) સચિવશ્રી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સે.૧૦બી. ગાંધીનગર.

(૮) નિયામકશ્રી ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, સેકટર-૧૦,ગાંધીનગર.

(૯) સંયુકત નિયામકશ્રી આર.એમ.એસ.એ. ગાંધીનગર.

વિષય:- મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી બાબત.

**શ્રીમાન,**

ઉપર્યુકત વિષય પરત્વે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ વિભાગના તા.૩૦/૦૭/૨૦૧૯ના પત્ર ક્રમાંક:- એફ.નં.૧-૨૩/૨૦૧૮-આઇએસ.૫ની નકલ આ સાથે સામેલ રાખી મોકલ આપતાં જણાવવાનું કે, મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ની ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૯/૨૦૧૯ થી તા.૦૨/૧૦/૨૦૧૯ સુધી આ સાથે સામેલ પત્રમાં જણાવ્યા મુજબ અઠવાડીક કાર્યક્રમોનું આયોજન કરવા વિનંતી છે. તેમજ જુલાઇ-૨૦૧૯ થી ૨જી ઓકટોબર૨૦૨૦ સુધીના કાર્યક્રમોના કેલેન્ડર પ્રમાણે શૈક્ષણિક સંસ્થાઓમાં આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે તેની વ્યવસ્થા કરવા તથા આ કાર્યક્રમના ની માહિતી આ સાથે સામેલ ફોર્મેટમાં તૈયાર કરી અત્રે મોકલી આપવા વિનંતી છે. તથા આ કાર્યક્રમના ફોટોગ્રાફ અને વિડિયો ભારત સરકારના વેબપોર્ટલ (www.gandhi.gov.in)(Karyanjali) માં અપલોડ કરવા તથા ઇ-મેઇલ આઇ.ડી. is5mhrd@gmail.com પર અત્રેની જાણ હેઠળ મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા )

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

13/8/19

બિડાણ:-ઉપર મુજબ

નકલ રવાના:-

- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી શિક્ષણ વિભાગ સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.અને મા.શિ.)ના અંગત સચિવશ્રી શિક્ષણ વિભાગ સચિવાલય,ગાંધીનગર.

- 9 AUG 2019

Scanned by CamScanner

F.No. 1-23/2018-IS.5
Government of India
Ministry of Human Resource Development
Department of School Education & Literacy
*******

Shastri Bhawan,
New Delhi, dated : July 30, 2019

To

The Secretary Education
All States/UTs

**Subject:- Commemorating 150th birth anniversary of Mahatma Gandhi.**

Sir,

As you are aware, 150th Birth Anniversary of Mahatma Gandhi is being commemorated for a period of two years from 2nd October, 2018 to 2nd October, 2020 throughout the nation as well as at international level. The Department of School Education & Literacy is conducting nationwide activities for the same. Intensive programmes and activities on Mahatma Gandhi are to be organized in all schools in the country during the week from 23rd September, 2019 to 2nd October, 2019 to be followed by year-long activities culminating in Gandhi Jayanti on 2nd October, 2020:

2. Suggested activities during the week from 23rd September to 1st October, 2019 for promoting the ideals and values of Mahatma Gandhi in all schools are as follows:

| Sl. No. | Date | Activity to be Conducted |
|---|---|---|
| 1. | 23rd September (Monday) | All faith prayer, singing of bhajans and deliberations on the values and ideals on Mahatma Gandhi. Parents to be invited and requested to be involved in all the activities. |
| 2. | 24th September (Tuesday) | Dance, songs, skit, fancy dress, mono acting. |
| 3. | 25th September (Wednesday) | Cleanliness drive/Shramdaan/community service, "Swachata ke liye Gandhigiri" |
| 4. | 26th September (Thursday) | Speeches, debates, elocution, Gandhi Katha Kathan, talks on Gandhi, students to share their personal experiences including of books they have read on Mahatma Gandhi and his ideals. |
| 5. | 27th September (Friday) | Writing poems, essays, slogans, skit. and diary writing etc. |
| 6. | 28th September (Saturday) | Painting & drawing |
| 7. | 30th September (Monday) | Visits to museums and places associated with Gandhiji/screening of films |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| 8. | 1st October (Tuesday) | Quiz competition and function to felicitate students, teachers and parents. Exhibition of paintings and drawings,<br>Exhibition on life of Gandhi, Exhibition on books on Gandhi, sharing best essays. |

3. The calendar of activities till October, 2020 is as under:

| S. No. | Activity | Time line | Action by States/UTs |
|---|---|---|---|
| 1. | Students from class I to V can be taught about Sadachar like truth. non-violence, seva etc. in their mother tongue. Students from class VI to XII can be taught about 'How Gandhi is relevant even in today's context'. | July-October, 2019 | Debate, essay and painting events may be organized by the States/UTs in the schools and a report on the same with photographs to be sent to this Department. |
| 2. | A week on intensive activities on Mahatma Gandhi may be organized in schools. | 23-9-2019 to 1-10-2019 | The activities as proposed in para 2 may be organized. |
| 3. | Gandhi jayanti homage on 2nd October followed by cultural programme by students on life of Gandhiji. | 2nd October, 2019 | Cultural programme by students on life of Gandhiji may be organized in schools by the States and UTs. |
| 4. | Special cleanliness drive in and around the school. | November, 2019 | Special cleanliness drive in and around the school campus may be organized by the States and UTs. |
| 5. | Speeches during morning assembly by teachers /resource persons on different aspects of truthfulness and non violence. | December, 2019 | Speeches during morning assembly by teachers /resource persons on different aspects of truthfulness and non violence may be organized by the States and UTs in schools. |
| 6. | Quiz on life of Gandhiji. | Jan – Feb, 2020 | Quiz competition on life of Gandhiji in schools may be organized by the States and UTs. |
| 7. | Essay and painting workshops will be organized by the States/UTs. | July to October, 2020 | Essay and painting workshops in schools may be organized by the States/UTs. |
| 8. | Gandhi Jayanti homage on 2nd October followed by cultural programme by students on life of Gandhiji. | 2nd October, 2020 | Cultural programme by students on life of Gandhiji may be organized in schools by the States and UTs. |

Scanned by CamScanner

4. It is requested that above activities may be organised in the State and UTs on priority and the action taken report in the matter in the enclosed format may be furnished to this Ministry. The photographs and videos of the events organised on the occasion may also be sent to this Ministry on email ID- is5mhrd@gmail.com and uploaded on the https://www.gandhi.gov.in (Karyanjali) portal of Ministry of Culture.

Yours faithfully,

Encl: As above.

( Rajesh Kumar Maurya)
Under Secretary to the Govt. of India
Tele:-23384501

Copy to:

1. State Project Directors, Samagra Shiksha, All States and UTs
2. US(EE.1)

Scanned by CamScanner

# Report Format

Activities conducted by the States and UTs for commemoration of 150th birth anniversary of Mahatma Gandhi

| S.No. | Date | Activity conducted | Number of schools which participated | Number of Students who participated | Number of Photographs/videos uploaded on portal | |
|---|---|---|---|---|---|---|
| | | | | | Photos | Videos |
| 1. | | | | | | |
| 2. | | | | | | |
| 3. | | | | | | |
| 4. | | | | | | |
| 5. | | | | | | |
| 6. | | | | | | |

Scanned by CamScanner

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ


**સમગ્ર શિક્ષા,**
**સેક્ટર નં. ૧૭, ગાંધીનગર – ૩૮૨ ૦૧૭.**
**ગુજરાત રાજય**
**ફોન નં. ૦૭૯ – ૨૩૨૩૫૦૬૯, ૨૩૨૩૪૯૩૯**
**Email:** ssamcivilgcpe@gmail.com
**Website :** www.ssagujarat.org
**ફેક્ષ નં. ૨૩૨૩૨૪૩૬, હેલ્પ લાઈન નં :૧૮૦૦–૨૩૩–૭૯૬૫**


ક્રમાંકઃ એસએસએ/સિવિલ/૨૦૧૯ / ૨૯૯૫૫-૩૦૦૨૮ તારીખઃ ૩૦/૮/૧૯.

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિ. તમામ

જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેકટ કચેરીઓ, એસએસએ,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર
અને શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ
અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

**વિષયઃ તા.૧.૯.૨૦૧૯ થી તા.૧૫.૯.૨૦૧૯ સુધી "સ્વચ્છતા પખવાડા–૨૦૧૯" ની ઉજવણી કરવા બાબત.**

**સંદર્ભઃ ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ડીપાર્ટમેન્ટ ઓફ સ્કુલ એજયુકેશન એન્ડ લીટ્રસીના સંયુકત સચિવશ્રીનો તા.૨૭.૦૮.૨૦૧૯ ના પત્રમાં મળેલ સૂચના.**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર ધ્વારા આખા દેશમાં તારીખ ૧.૯.૨૦૧૯ થી તા.૧૫.૯.૨૦૧૯ દરમ્યાન **"સ્વચ્છતા પખવાડા–૨૦૧૯"** ની ઉજવણી કરવામાં આવનાર છે. તે અન્વયે આ બાબત ધ્યાને લઈ, આપના હસ્તક તેમજ તાબાની કચેરીઓ તેમજ બી.આર.સી. કો–ઓર્ડિનેટર અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર, સ્કુલ મેનેજમેન્ટ કમિટિ (એસએમસી) ના સભ્યો અને તમામ શાળાઓના મુખ્ય શિક્ષકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીગણ આ ઉજવણીમાં ભાગ લે તેવું આયોજન કરવાનું રહેશે. વધુમાં ભારત સરકારના પત્રમાં જણાવ્યા અનુસાર મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી માટે A4 સાઈઝના પેપરમાં ૧૫૦ થી વધુ શબ્દો નહિ તેવી રીતે ક્રમ ૧ માં દર્શાવ્યા મુજબ કેટેગરી – ૧ (ધો. ૩ થી ૫) અને કેટેગરી – ૨ માં (ધો. ૬ થી ૧૨) સુધીના તમામ વિધાર્થીઓ પત્ર લેખનમાં ભાગ લે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. આ પત્ર લેખનની થીમ "Letter to Bapu" છે. આ પત્ર લેખનમાં સ્વચ્છતા અંગે વિધાર્થીઓની સહભાગીતા પર કમીટમેન્ટ શું છે તેવા વિચારો પત્રમાં લખવાના રહેશે.

તા.૧૧.૦૯.૨૦૧૯ ના રોજ ઉજવવામાં આવનાર "SWACHHTA HI SEVA (SHS)" અંગેના ઓછામાં ઓછા ૨ થી ૩ મિનિટના પાંચ વિડિયો ભારત સરકારને તા.૧૮.૦૯.૨૦૧૯ પહેલા મોકલી આપવાના છે. જેથી આપના ધ્વારા તૈયાર કરવામાં આવેલ વિડિયો અત્રેની કચેરીને તા. ૧૬.૦૮.૨૦૧૯ પહેલા મોકલી આપવાના રહેશે.

આપના ધ્વારા આ પખવાડિયા દરમ્યાન થયેલ પ્રવૃત્તિના ફોટોગ્રાફસ, વિડિયો, અહેવાલ વગેરે "સ્વચ્છતા પખવાડા" ની ઉજવણી અંગે રોજેરોજ થયેલ કાર્યક્રમોનું મોનિટરીંગ કરવાનું થાય છે. જેમાં રોજે રોજ તાલુકા દીઠ એક વિડીયો બનાવી Youtube માં અપલોડ કરી તેની Link અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે. જિલ્લાદીઠ સારા ૧૦ ફોટોગ્રાફ (એક ફોટો – ૧ MB સાઈઝ) અત્રેથી આપેલ ગૂગલ ડ્રાઈવમાં તારીખ વાઈઝ ફોલ્ડર બનાવી દરરોજ સાંજના ૪:૦૦ વાગ્યા પહેલા અપલોડ કરવાના રહેશે. દરેક ફોટાની નીચે જે તે શાળાનું નામ અને તારીખ લખવાની રહેશે. રોજે રોજ જિલ્લા દીઠ એક વિડીયો હિન્દી ભાષામાં તૈયાર કરી Youtube માં અપલોડ કરી Link મોકલી આપવાની રહેશે. આ કામગીરી જિલ્લા MIS અને તાલુકા કક્ષાએ બ્લોક MIS એ કરવાની રહેશે. રોજે રોજ અપલોડ કરેલ વિડીયો અને ફોટોગ્રાફનું મોનિટરીંગ કરવા ગુગલ ડ્રાઈવમાં બનાવેલ "સ્વચ્છતા પખવાડા ટ્રેકર શીટ" માં અપડેટ કરવાનું રહેશે. આ ગૂગલ શીટને આપના ઈમેઈલ આઈડીથી એકસેસ કરી શકાશે.

Google Drive & Tracker sheet ની માહિતી ઈ.મેઈલ ધ્વારા જણાવવામાં આવશે.

**બિડાણ :** (૧) સંદર્ભ ૧ નો પત્ર
(૨) સ્વચ્છતા પખવાડા ઉજવણી માટેના મુદાઓ અને પ્રવૃતિઓ

**(P. Bharathi, IAS)**

**નકલ જય ભારત સહ જાણ અર્થે રવાના :**

– માન. સચિવશ્રી, પ્રા. અને મા. શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૨, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**નકલ જાણ અર્થે રવાના :**

– એમ.આઈ.એસ શાખા, સદર કચેરી

# પરિશિષ્ટ

## તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર – ૨૦૧૯ દરમ્યાન સ્વચ્છતા પખવાડાની ઉજવણી માટેનો એકશન પ્લાન

## તારીખ વાઈઝ નીચે પ્રમાણે કાર્યક્રમ હાથ ધરવાના રહેશે.

| | |
|---|---|
| તા.૧.૯.૨૦૧૯ થી ૨.૯.૨૦૧૯ (રવિવાર અને સોમવાર) | <u>સ્વચ્છતા માટેનો શપથ દિવસ</u><br>• વિદ્યાર્થીઓ, શિક્ષકો/સ્ટાફ તમામ ભાગ લઈ શકે એ રીતે સ્વચ્છતા શપથ કાર્યક્રમનું આયોજન કરવું સવારની સમૂહ બેઠક માં વિદ્યાર્થી 'સ્વચ્છતા' વિષય પર બોલે.<br>• વર્ગ કવાયત જેમાં દરેક વિદ્યાર્થી વ્યકિતગત, શાળાની સમાજની અને ઘરની સફાઈની કોઈપણ એક પ્રવૃતિ માટે વચન આપશે.<br>• રાજય શિક્ષણમંત્રી/સચિવશ્રી/જિલ્લા કલેકટરશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સ્કુલ ઈન્સ્પેકટર્સ વગેરેનું શાળાના બાળકોને સંબોધન<br>• વિભાગ/સંસ્થા/શાળાની વેબસાઈટ પર સ્વચ્છતા જાગૃતિ સંદેશ મુકવો.<br>• સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી પર ધ્યાન કેન્દ્રિત કરવા અને સ્વચ્છતા સબબ જાગૃતિ લાવવા વિભાગ રાજયના વેબ પોર્ટલ પર ઈલેકટ્રોનિક બેનર્સ તૈયાર કરી મૂકવા. સોશિયલ મિડીયા, ઈલેકટ્રોનીક અને પ્રિન્ટ મિડીયા ધ્વારા પ્રચાર પ્રસાર અને જાગૃતિ લાવવાના પ્રયાસ કરવા.<br>• શપથ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ/શાળાઓની સંખ્યા ગુગલ ટ્રેકર પર તેમજ ફોટો વીડીયો અને જાહેરાતનું સાહિત્ય ગુગલ ડ્રાઈવ પર મુકવું. |
| તા.૩.૯.૨૦૧૯ (મંગળવાર) | <u>સ્વચ્છતા જાગૃતિ દિવસ</u><br>• વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં સ્વચ્છતા અને સુખાકારીના મહત્વને ધ્યાન પર લાવવા માટે અને સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પ્રરેણા અને પ્રોત્સાહન આપવા માટે SMC/PTA ની બેઠકોનું આયોજન.<br>• શાળા/સંસ્થાના દરકે ખૂણામાં શિક્ષકો ધ્વારા સફાઈની તપાસણી થાય તેમજ તેમાં સુધારાત્મક પગલા માટે દરખાસ્ત/આયોજન તૈયાર કરવામાં આવે.<br>• શૌચાલય/મધ્યાહન ભોજન રસોડું, વર્ગખંડો , પંખા, દરવાજા, બારીઓ, માડીયા વગેરેની શાળાના સંકુલ અથવા આસપાસમાં મહાસફાઈનું આયોજન થાય.<br>• પ્લાસ્ટીકથી પ્રદૂષણ, ખુલ્લામાં શૌચ, જંગલોનું નિંકદન, પાણીનો વ્યય, રજકણ/ધૂમાળા રહિત હવા અને અન્ય પર્યાવરણને નુકશાનકર્તા પ્રવૃતિઓને ખાસ ધ્યાનામાં લઈ આસપાસમાં સ્વચ્છતા રાખવા સંદર્ભે સ્વાભાવિક (વર્તણૂકલક્ષી) ફેરફારોને પ્રોત્સાહન આપવા માટે કેમ્પની પ્રવૃતિનું આયોજન.<br>• ભાગ લેનારી શાળાઓની વિગત Google Tracker અને ફોટો, વિડીયો અને જાહેરાતનું સાહિત્ય – Google Drive પર મુકવું. |
| તા.૪.૯.૨૦૧૯ થી ૫.૯.૨૦૧૯ (બુધવાર અને ગુરુવાર) | જનસંપર્ક<br>• કાયમી ધોરણે ટોયલેટનો ઉપયોગ અને કચરાનું વ્યવસ્થાપન કાર્યને ખાસ હાઈલાઈટ આપી બધા શિક્ષકો નજીકના વિસ્તારની મુલાકાત લે અને સ્થાનિક સમાજને સ્વચ્છતા સંદર્ભે વકતવ્ય આપે. |

| | |
|---|---|
| | • દરેક શાળામાં યોગ્ય રીતે શિક્ષક દિનની ઉજવણી થાય.<br>• શાળા/સંસ્થાઓમાં સ્વચ્છતા અભિયાનમાં જનભાગીદારી પર વિશેષ ભાર મૂકવામાં આવે અને નજીકના વિસ્તારોમાં સ્વચ્છતા અને જાગૃતિ સંદર્ભે શિક્ષકો પણ જોડાઈ શકે.<br>• સ્થાનિક વિસ્તારોમાં લોકોમાં સ્વચ્છતા પખવાડીયાની થીમાના પ્રચાર પ્રસાર માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સ્થાનિક પ્રતિનિધીઓ સાથે રહીને કામ કરવું.<br>• શાળા કુચ સાથે નાચ ઉચ્ચારણ<br>• જનસંપર્ક પ્રવૃતિમાં જોડાનારા શિક્ષકોની સંખ્યા Google Tracker પર ફોટો,વીડીયો, પ્રચાર – પ્રસાર સાહિત્ય Google Drive પર મુકવું. |
| તા.૬.૯.૨૦૧૯ (શુક્રવાર) | ગ્રીન સ્કુલ ડ્રાઈવ<br>• શાળાઓમાં ઈકો કલબ જાગૃતિ/મહત્વનો માહોલ બનાવવો<br>• દરેક શાળાઓ કચરાપેરીઓની વ્યવસ્તા થાય<br>• કચરાના વર્ગીકરણની જાગૃતિ વિદ્યાર્થીઓમાં આવે તે માટે કચરાપેટીઓનું વાદળી અને લીલા કલરથી રિસાયકલેવલ અને અનરિસાયકલેબલ કચરા મુજબ જ થવા જોઈએ.<br>• શાળા સંકુલમાં અને આજુબાજુમાં વૃક્ષારોપણ વિદ્યાર્થીઓને બાગ નિર્માણ માટે પ્રોત્સાહન.<br>• નકામી ચીજવસ્તુઓનો પુનઃઉપયોગ<br>• ગ્રીન હાઉસ ઈફેકટ અટકાવવા માટેની નવી શરૂઆત(નવાચાર) જૂની ફાઈલો, દસ્તાવેજોની સંભાવી/નિકાલ યોગ્ય કાર્યવાહી મુજબ<br>• તમામ પ્રકારની નકામી ચીજવસ્તુઓ જેવી કે તેટલું ફર્નિચર, બિન ઉપયોગી સાધનસામગ્રી,અસ્પષ્ટ વાહનો વગેરે શાળા / સંસ્થાના સંકુલમાંથી પૂર્ણ પણે હટાવવી જોઈએ.<br>• ભાગ લેનારી શાળાઓની સંખ્યા Google Tracker અને ફોટો,વીડિયો, પ્રચાર – પ્રસાર સામગ્રી Google Drive પર મુકવું. |
| તા.૭.૯.૨૦૧૯ (શનિવાર) | સ્વચ્છતા સહભાગીદરી દિવસ<br>• સ્વચ્છ અને સુઘડ રીતે રાખવામાં આવેલા શાળા પરિસર અને શૌચાલય માટેની જિલ્લા/તાલુકા /કલ્સ્ટર કક્ષાની સ્પર્ધા<br>• ''પ્લાસ્ટીક મુકત ભારત'' વિષય ઉપર ધોરણ ૭ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા<br>• સ્વચ્છતા પર ચિત્ર  સ્પર્ધા<br>• 'ગાંધીજી' અને 'સ્વચ્છતા' વિષયો પર ભાર મુકીને  ડીબેટ<br>• 'સ્વચ્છતા' પર કાવ્યનિર્માણ<br>• ભાગ લેનારી શાળાઓની સંખ્યા Google Tracker અને ફોટો,વીડિયો, પ્રચાર – પ્રસાર સામગ્રી Google Drive પર મુકવું.<br>• નિબંધ લેખન અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા Google Tracker અને જિલ્લા દીઠ શ્રેષ્ઠ ૩ નિબંધ અને ચિત્ર Google Drive પર મુકવું.<br>• ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ પહેલા પેઈન્ટીંગ અને નિબંધલેખન સ્પર્ધા પ્રત્યેકમાંથી જિલ્લાકક્ષાએથી શ્રેષ્ઠ – ૩ એન્ટ્રી  Google Drive પર મૂકાવવી |

| | |
|---|---|
| તા.૮.૯.૨૦૧૯ અને તા.૯.૯.૨૦૧૯ (રવિવાર અને સોમવાર) | હેન્ડ વોશ ડે<br>● રોજિંદા જીવનમાં યોગ્ય રીતના હેન્ડવોશની જરૂરીયાત સંદર્ભે જાગૃતિ વધારવી.<br>● વિદ્યાર્થીઓને જમ્યા પહેલા અને જમ્યા પછી હાથ ધોવાની યોગ્ય રીત શીખવવી જોઈએ.<br>● અળચણમુકત પીવાના પાણી અને ટોયલેટ સુવિધા સાથે દિવ્યાંગ બાળકોનું અવલોકન કરી સુનિશ્ચિત થવા જોઈએ.<br>● પાણીનો વ્યય તપાસવો<br>● હાથ ધોવાથી ઉપયોગમાં લીધેલ પાણીને શાળાબાગ સુધી પહોંચાળવું<br>● ભાગ લેનારી શાળાઓની સંખ્યા Google Tracker પર ફોટો,વીડિયો, પ્રચાર – પ્રસાર સામગ્રી Google Drive પર મુકવા. |
| તા.૧૦.૯.૨૦૧૯ (મંગળવાર) | વ્યકિતગત સ્વચ્છતા દિવસ<br>● સ્વચ્છતા જાળવવા વિદ્યાર્થીઓ/કર્મચારીઓનો પ્રોત્સાહિત કરવા માટે ઓડીયો–વિઝ્યુલ – હાસ્ય–શ્રાવ્ય કાર્યક્રમનો આશરો લેવો<br>● વિદ્યાર્થીઓ યોગ્ય રીતે નખ કાપવાનું અને તેની સારસંભાળ રાખવાનું શીખશે.<br>● વ્યકિતગત સ્વચ્છતાની સમગ્ર સ્વાસ્થ્ય પરની અસરની સમજ મેળવવી<br>● સ્વચ્છતા સુખાકારી માટે પુરક સાહિત્ય.<br>● વિદ્યાર્થીઓને શૌચાલય અને પીવાના પાણીના સ્વાસ્થપ્રદ ઉપયોગ માટે શિક્ષિત કરવા.<br>● ભાગ લેનારી શાળાઓની સંખ્યા Google Tracker અને ફોટો,વીડિયો, પ્રચાર – પ્રસાર સામગ્રી Google Drive પર મુકવું. |
| તા.૧૧.૯.૨૦૧૯ (બુધવાર) | સ્વચ્છતા જ સેવા છે. – દિવસ<br>● સ્વચ્છતા જ સેવા છે દિવસ ૨૦૧૯માં શાળાના તમામ વિદ્યાર્થીઓની સામેલગીરી સાથે શુભારંભ<br>● ધો I થી V ના વિદ્યાર્થી ધ્વારા સાબુથી હાથ ધોવાની ઝુંબેશમાં ભાગ લેવો<br>● શાળાના ધો VI to VIII ના વિદ્યાર્થીઓ ધ્વારા સ્વચ્છતા માટે શ્રમદાન.<br>● ધો IX to XII ના વિદ્યાર્થીઓ ધ્વારા બહારના વિસ્તારોમાં 'સ્વચ્છતા ઝુંબેશ' માં શ્રમદાન<br>● શ્રમદાનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા અને શાળાઓની સંખ્યા Google Tracker અને ફોટો,વીડિયો, પ્રચાર – પ્રસાર સામગ્રી Google Drive પર મુકવું. |
| તા.૧૨.૯.૨૦૧૯ (ગુરુવાર) | શાળા સ્વચ્છતા પ્રદર્શન દિવસ<br>● સ્વચ્છતાની પ્રવૃતિઓના ફોટોગ્રાફસ, પેઈન્ટિંગ, કાર્ટૂન્સ, સ્લોગ્ન્સ વગેરે શાળામાં પ્રદર્શિત કરી શકાય.<br>● રાજય ધ્વારા આ પ્રદર્શનોમાંથી કેટલાકનું ડોકયુમેન્ટેશન થાય.<br>● વેસ્ટ વસ્તુઓના સંગ્રહ માટે રિસાયકલ રો મટીરીયલનો ઉપયોગ કરી કલાકૃતિઓ જેમ કે સંસ્કૃતિને પ્રોત્સાહન મળે એ રીતે સ્થાનિક .....નો ઉપયોગ કરી નમૂનેદાર ડસ્ટબીન નિર્માણ |

| | |
|---|---|
| | • ભાગ લેનારી શાળાઓની સંખ્યા Google Tracker અને ફોટો,વીડિયો, પ્રચાર – પ્રસાર સામગ્રી Google Drive પર મુકવું. |
| તા.૧૩.૯.૨૦૧૯ (શુક્રવાર) | પત્રલેખન દિવસ<br>• શાળાના વિદ્યાર્થીઓની નીચેના બે વિભાગ (વિભાગ ૧: કલાસ – ૩ થી ૫ અને વિભાગ ૨ : કલાસ – ૬ થી ૧૨) માં "બાપુને પત્ર" વિષય આધારીત પત્રલેખન સ્પર્ધા યોજવી જેમાં બાળકે સ્વચ્છતા માટે આપેલ યોગદાન અને ભવિષ્ય માટે પ્રતિબધ્ધતા તથા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જંયતિ નિમીતે તેમને આપલી સાચી શ્રધ્ધાંજલીનો સમાવેશ થાય. નિબંધ A4 Size ના કાગળમાં મહત્મ ૧૫૦ શબ્દોમાં પૂરો કરવાનો રહેશે.<br>• રાજય કક્ષાએ પત્રલેખન સ્પર્ધામાંપસંદ થયેલા શ્રેષ્ઠ ૬ (વિભાગ દીઠ ૩) નિબંધને Google Drive પર અપલોડ કરવાના રહેશે. |
| તા.૧૪.૯.૨૦૧૯ અને તા.૧૫.૯.૨૦૧૯ (શનિવાર અને રવિવાર) | સ્વચ્છતા એકશન પ્લાન ડે<br>• સમગ્ર શિક્ષા અંતર્ગત શાળાએ તૈયાર કરેલા સ્વચ્છતા એકશન પ્લાન( સ્વચ્છતા માટેનું આયોજન) વિષે SMC/SDMC એ વિદ્યાર્થીઓ , વાલીઓ અને સ્થાનિક લોકોમાં જાગૃતિ ફેલાવવી.<br>• શાળામાં બાલસંસદ/સભામાં સ્વચ્છતા પખવાડીયાની પ્રવૃતિઓની ચર્ચા કરવી.<br>• સ્વચ્છતાના વ્યકિતગત, શારીરિક, માનસિક, પર્યાવરણીય સામાજિક વગેરે પાસાઓને અનુલક્ષીને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવી.<br>• વિદ્યાર્થીઓને સ્વચ્છતા પખવાડામાં કઈ નવી પ્રવૃતિઓ ઉમેરી શકાય તેવા સૂચનો કરવા અને પ્રોત્સાહિત કરવા. તેમના સૂચનો MHRD ને મોકલી આપવા.<br>અપલોડ ઉપર મુજબ<br>• ભાગ લેનારી શાળાઓની સંખ્યા Google Tracker અને ફોટો,વીડિયો, પ્રચાર – પ્રસાર સામગ્રી Google Drive પર મુકવું. |
| | ઈનામ વિતરણ દિવસ<br>• વિદ્યાર્થી, શિક્ષકો અને વાલીઓને વિવિધ સ્પર્ધાઓ જેમકે પેઈન્ટીંગ , નિબંધલેખન, ચર્ચા અને કવીઝ સ્પર્ધા કે જે સ્વચ્છતાને પ્રોત્સાહન આપે તેમાં ભાગ લેવા બદલ ઈનામ વિતરણ કરવું<br>• તમામ શાળાઓ/શૈક્ષણિક સંસ્થાઓ પખવાડિયા દરમ્યાન હાથ ધરાયેલી તેમની પ્રવૃતિઓ અને કામોનું એકત્રિકરણ કરી તથા તેમાંથી શ્રેષ્ઠ પ્રવૃતિઓની પસંદગી કરી જિલ્લા રાજય સતામંડળને જાહેરક્ષેત્રની (પબ્લિક ડોમીન)ની વેબસાઈટ પર અપલોડ કરવાના હેતુથી મોકલાવે.<br>• અપલોડ ઉપર મુજબ<br>• રાજયકક્ષાએ પેઈન્ટીંગ અને નિંબધલેખન સ્પર્ધામાંથી શ્રેષ્ઠ ૩ વિજેતા કૃતિઓને ગુગલ ડ્રાઈવ પર અપલોડ કરે છે. |